# GSSSB CBRT Adv 378 CCE 2026

| | |
|---|---|
| Test Date | 29/09/2026 |
| Test Time | 1:00 PM - 3:00 PM |
| Subject | 378 Combined Competitive Examination |

Section : **English**

**Q.1** **Choose the closest synonym of the underlined word in the sentence.**

**He was shuffling his feet nervously while waiting for his turn to speak.**

**Ans**
✗ 1. coasting
✓ 2. stomping
✗ 3. gliding
✗ 4. rumbling

**Q.2** **Which of the following sentences is the compound-sentence transformation of the given complex sentence?**
**Because she was tired, she went to bed early.**

**Ans**
✗ 1. She was tired, yet she went to bed early.
✗ 2. Being tired, she went to bed early.
✓ 3. She went to bed early; she was tired.
✗ 4. As she was tired, she went to bed early.

**Q.3** **In the given question, a statement divided into different segments is given. The first segment is fixed; rearrange the other segments (P, Q, R, S) to form a coherent and meaningful statement.**
**Public health officials warned /**
**(P) of a second wave**
**(Q) unless vaccination rates increased**
**(R) and social distancing measures were reintroduced**
**(S) in high-risk districts**

**Ans**
✗ 1. RPQS
✗ 2. QPRS
✓ 3. PSQR
✗ 4. PRQS

**Q.4** **Fill in the blank with the most appropriate article. If no article is required, choose 'no article required'.**

**She wants to become ____ engineer who can design sustainable and eco-friendly buildings.**

**Ans**
✗ 1. a
✗ 2. no article required
✗ 3. the
✓ 4. an

**Q.5** **Select the sentence that is correctly written in the past tense.**

**Ans**
✗ 1. We buy dragon fruit from the market.
✓ 2. We bought dragon fruit from the market.
✗ 3. We was buying dragon fruit from the market.
✗ 4. We had buy dragon fruit from the market.

Q.6 **Select the option from the given alternatives that can be used as a one-word substitute for the given phrase.**

**Animals that live in herds**

Ans
- ✗ 1. Carnivorous
- ✗ 2. Monotonous
- ✓ 3. Gregarious
- ✗ 4. Herbivorous

Q.7 **Select the correct alternative to complete the given sentence.**

**Sam said, "He can come to my place."**
**Sam said that ________________________.**

Ans
- ✓ 1. he could come to his place
- ✗ 2. he can go to his place
- ✓ 3. he could go to his place
- ✗ 4. he could come to my place

**Note: For this question, ambiguity is found in question/answer. Candidate will get full marks for this question if any of these options are chosen - 1,3**

Q.8 **Select the most appropriate option to complete the given sentence.**

**The hikers crossed the narrow mountain _____ before sunset.**

Ans
- ✗ 1. paced
- ✗ 2. past
- ✗ 3. pause
- ✓ 4. pass

Q.9 **"I am buying a cap." નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?**

Ans
- ✓ 1. હું ટોપી ખરીદી રહ્યો છું.
- ✗ 2. હું ટોપી વેચી રહ્યો છું.
- ✗ 3. હું ટોપી પહેરી રહ્યો છું.
- ✗ 4. હું ટોપી બનાવી રહ્યો છું.

Q.10 **Choose the sentence with the correct usage of past tense.**

Ans
- ✗ 1. I didn't known about your tragedy.
- ✗ 2. I didn't knows about your tragedy.
- ✗ 3. I didn't knew about your tragedy.
- ✓ 4. I didn't know about your tragedy.

Q.11 **Complete the sentence with an appropriate word.**
**Contrary to expectations, many in the academic community read his remarks as implying ___ malicious intent, a conclusion later disproved by independent inquiry.**

Ans
- ✓ 1. with
- ✗ 2. through
- ✗ 3. as
- ✗ 4. without

**Q.12** **Select the proverb which can be used as a substitute for the underlined part of the following sentence.**
**He promised to help but never did — <u>empty words are worthless</u>.**

**Ans**
✗ 1. Every cloud has a silver lining
✗ 2. Too many cooks spoil the broth
✓ 3. Actions speak louder than words
✗ 4. Practice makes perfect

**Q.13** **Choose the one word that best describes the following.**
**A word that describes someone who changes their opinion frequently to please others**

**Ans**
✗ 1. Opportunist
✓ 2. Fickle
✗ 3. Cynic
✗ 4. Hypocrite

**Q.14** **Select the option that expresses the given sentence in passive voice.**

**I saw the blind girl near the platform.**

**Ans**
✗ 1. The blind girl was being seen near the platform by me.
✓ 2. The blind girl was seen near the platform by me.
✗ 3. The blind girl is being seen near the platform by me.
✗ 4. The blind girl is seen near the platform by me.

**Q.15** **Choose the most appropriate option to complete the given sentence.**

**The students discussed the issue _____ themselves and arrived _____ a conclusion.**

**Ans**
✗ 1. with, about
✗ 2. over, in
✗ 3. between, on
✓ 4. among, at

Section : **Gujarati**

**Q.16** **સાચી જોડણી શોધો.**

**Ans**
✓ 1. સ્મૃતિગ્રંથ
✗ 2. સ્મૃતિ-ગ્રંથ
✗ 3. સ્મુતિગ્રંથ
✗ 4. સ્મૃતિ ગ્રંથ

**Q.17** **વ્હાલી ! જાય રઘુપતિ વન વિષે, સીતા જતાં સંગમાં : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.**

**Ans**
✗ 1. સ્રગ્ધરા
✗ 2. વસંતતિલકા
✗ 3. મંદાક્રાન્તા
✓ 4. શાર્દૂલવિક્રીડિત

**Q.18** **"શંકા" શબ્દનો સાચો અંગ્રેજી શબ્દ કયો છે?**

**Ans**
✓ 1. Suspicion
✗ 2. Belief
✗ 3. Proof
✗ 4. Trust

**Q.19** **નીચેનામાંથી સંજ્ઞા સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો:**

Ans
❌ 1. ઊંચા પર્વતો બરફ છવાયેલો રહે છે.
❌ 2. મહેમાન ઘર આગળ આવીને ઊભા રહ્યા.
❌ 3. તે પોતાની ગાડી લઈને અમદાવાદ ગયો.
✔ 4. સસલું કૂતરાથી ડરીને ઝાડીમાં છૂપાયું.

**Q.20** **નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.**

Ans
❌ 1. અંદર બેઠું છે ઓરડાની કોઈ.
✔ 2. ઓરડાની અંદર કોઈ બેઠું છે.
❌ 3. બેઠું ઓરડાની કોઈ છે અંદર.
❌ 4. છે કોઈ અંદર બેઠું ઓરડાની.

**Q.21** **'રણમેદાન' શબ્દનો સમાસ ઓળખાવો.**

Ans
❌ 1. કર્મધારય
❌ 2. દ્વંદ્વ
❌ 3. મધ્યમપદલોપી
✔ 4. તત્પુરુષ

**Q.22** **નીચેના શબ્દોમાં પહેલો શબ્દ કયો આવશે?**

Ans
❌ 1. પહાડ
❌ 2. નદી
❌ 3. તળાવ
✔ 4. જંગલ

**Q.23** **વ્યાકરણની દૃષ્ટિએ 'ધ્વનિ' એટલે શું?**

Ans
❌ 1. પશુ-પક્ષીઓ દ્વારા થતા અવાજો
❌ 2. વાજિંત્રોમાંથી નીકળતો સંગીતમય
✔ 3. માનવ વાગ્અવયવો દ્વારા ઉચ્ચારાતો અર્થક્ષમ લઘુત્તમ ઘટક
❌ 4. કુદરતમાં થતો કોઈ પણ સામાન્ય ઘોંઘાટ

**Q.24** **'પૃથ્વી' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

Ans
❌ 1. અનલ
❌ 2. ભાનુ
❌ 3. મૃગરાજ
✔ 4. વસુંધરા

**Q.25** **નીચે આપેલ પંક્તિનો અલંકાર ઓળખાવો.**
**પાણિગ્રહણ કરવા પાણી ગ્રહણ કરો.**

Ans
❌ 1. ઉત્પ્રેક્ષા અલંકાર
✔ 2. શ્લેષ અલંકાર
❌ 3. વ્યાજસ્તુતિ અલંકાર
❌ 4. ઉપમા અલંકાર

**Q.26** **રમેશ બોર્ડ પર 'મ્ + ઈ'ની સંધિ લખે છે. આ જોડાણથી કયો અક્ષર બનશે?**

Ans
❌ 1. મે
❌ 2. મિ
✔ 3. મી
❌ 4. મા

**Q.27** **'આપણે વેંત નમીએ તો કોઈ ગજ નમે' કહેવતનો યોગ્ય અર્થ પસંદ કરો.**

**Ans**
- ✗ 1. વધુ સંપત્તિ મેળવવા માટે સતત પ્રયત્ન કરતા રહેવું.
- ✗ 2. પોતાની વાત જ સાચી માનીને બીજાની વાતનો વિરોધ કરવો.
- ✗ 3. મુશ્કેલી આવે ત્યારે કોઈની મદદ ન લેવી.
- ✓ 4. થોડું માન આપીએ તો સામે વધુ માન મળે.

**Q.28** **"પડકાર" શબ્દનો સાચો અંગ્રેજી શબ્દ કયો છે?**

**Ans**
- ✓ 1. Challenge
- ✗ 2. Comfort
- ✗ 3. Solution
- ✗ 4. Ease

**Q.29** **આપેલ વિકલ્પમાંથી 'સંવેદન' શબ્દનો સાચો સંધિ વિચ્છેદ શોધો.**

**Ans**
- ✗ 1. સંવે + દન
- ✗ 2. સન + વેદ
- ✓ 3. સમ્ + વેદન
- ✗ 4. સં + વેદન

**Q.30** **'પ્રેમ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

**Ans**
- ✗ 1. ક્રોધ
- ✗ 2. દ્વેષ
- ✗ 3. તિરસ્કાર
- ✓ 4. સ્નેહ

Section : **General Awareness and Current Affairs**

**Q.31** **જૂન 2026 માં, કયા દેશે યુનાઇટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેના સમજૂતી કરાર (Memorandum of Understanding) ના અમલીકરણ અંગેની વાટાઘાટો માટે સ્થળ પૂરું પાડ્યું હતું?**

**Ans**
- ✗ 1. ઑસ્ટ્રિયા
- ✗ 2. કતાર
- ✗ 3. પાકિસ્તાન
- ✓ 4. સ્વિટ્ઝર્લૅન્ડ

**Q.32** **જ્યારે કોઈ ગતિમાન ટ્રોલી સ્થિર રહેલા લાકડાના બ્લોક સાથે અથડાય છે અને તેને ગતિમાં લાવે છે, ત્યારે ટ્રોલીની ગતિઊર્જાનું શું થાય છે?**

**Ans**
- ✗ 1. તે બ્લોકમાંથી ટ્રોલીમાં સ્થાનાંતરિત થાય છે.
- ✗ 2. તે બ્લોક દ્વારા વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત થાય છે.
- ✗ 3. તે બ્લોકમાં રાસાયણિક ઊર્જા તરીકે સ્થાનાંતરિત થાય છે.
- ✓ 4. તેનો કેટલોક ભાગ બ્લોકમાં સ્થાનાંતરિત થાય છે.

**Q.33** **નીચેનામાંથી કઈ, વિશ્વની સૌથી મોટી ખંડીય છાજલી (continental shelf) છે?**

**Ans**
- ✗ 1. ઉત્તર સમુદ્ર છાજલી (North Sea Shelf)
- ✗ 2. સુંડા છાજલી (Sunda Shelf)
- ✗ 3. પેટાગોનિયન છાજલી
- ✓ 4. સાઇબેરીયન છાજલી

**Q.34** **નીચેનામાંથી કયું આર્થિક ઉત્પાદન મુખ્યત્વે તૃતીય ક્ષેત્ર સાથે સંકળાયેલું છે?**

Ans
✔ 1. સેવાઓ
✗ 2. બાંધકામ
✗ 3. ઉત્પાદિત ચીજવસ્તુઓ
✗ 4. કાચો માલ

**Q.35** **જાન્યુઆરી 2026 માં, રાષ્ટ્રીય રીંછ સંરક્ષણ કાર્યક્રમ (National Bear Conservation Programme) હેઠળ ગુજરાતના કયા અભયારણ્યની પસંદગી કરવામાં આવી હતી?**

Ans
✗ 1. નળ સરોવર અભયારણ્ય (Nal Sarovar Sanctuary)
✗ 2. રતનમહલ સ્લોથ રીંછ અભયારણ્ય (Ratanmahal Sloth Bear Sanctuary)
✗ 3. ગીર અભયારણ્ય (Gir Sanctuary)
✔ 4. જેસોર સ્લોથ રીંછ અભયારણ્ય (Jessore Sloth Bear Sanctuary)

**Q.36** **જૂન 2026 માં, કઈ સંસ્થાએ પ્રવાસન મંત્રાલય સાથે સંયુક્તપણે "અનલોકિંગ ગ્રોથ ઇન ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી સેક્ટર (Unlocking Growth in Tourism and Hospitality Sector)" શીર્ષકનો અહેવાલ બહાર પાડ્યો?**

Ans
✗ 1. નાબાર્ડ (NABARD)
✗ 2. આર.બી.આઈ. (RBI)
✔ 3. NITI આયોગ (NITI Aayog)
✗ 4. સેબી (SEBI)

**Q.37** **રોજગાર વિનિમય કેન્દ્રો (Employment Exchanges) દ્વારા ઔપચારિક ક્ષેત્રની રોજગારી (Formal Sector Employment) અંગેની માહિતી કઈ સંસ્થા એકત્રિત કરે છે?**

Ans
✔ 1. કેન્દ્રીય શ્રમ મંત્રાલય (Union Ministry of Labour)
✗ 2. નાણાં મંત્રાલય (Ministry of Finance)
✗ 3. NITI આયોગ (NITI Aayog)
✗ 4. ભારતીય રિઝર્વ બેંક (Reserve Bank of India)

**Q.38** **નીચેનામાંથી કયું ભારતની પંચવર્ષીય યોજનાઓના મુખ્ય લક્ષ્યોમાંનું એક નહોતું?**

Ans
✗ 1. આધુનિકીકરણ
✗ 2. વૃદ્ધિ
✔ 3. ખાનગીકરણ
✗ 4. આત્મનિર્ભરતા

**Q.39** **ભારતીય બંધારણનો નીચેનામાંથી કયો અનુચ્છેદ રાજ્યને રાષ્ટ્રીય મહત્વના સ્મારકો, સ્થળો અને વસ્તુઓનું રક્ષણ કરવાનો નિર્દેશ આપે છે?**

Ans
✔ 1. અનુચ્છેદ 49
✗ 2. અનુચ્છેદ 38
✗ 3. અનુચ્છેદ 45
✗ 4. અનુચ્છેદ 42

**Q.40** **નીચેનામાંથી કયા સરકારી ક્લાઉડ પ્લેટફોર્મે જૂન 2026 સુધીમાં 2,323 સરકારી વિભાગોમાં પોતાની સ્વીકૃતિ (adoption) વધારી હતી?**

Ans
✔ 1. મેઘરાજ (MeghRaj)
✗ 2.
ડિજીલોકર (DigiLocker)
✗ 3.
ઇન્ડિયા સ્ટેક (India Stack)
✗ 4. AI કોશ (AI Kosh)

**Q.41** કયા મૌર્ય શાસકે બુદ્ધના સંદેશનો દૂર દૂર સુધી પ્રસાર કરવા માટે શ્રીલંકા, થાઈલેન્ડ, મધ્ય એશિયા અને તેનાથી આગળ પણ દૂત મોકલ્યા હતા?

**Ans**
- ✔ 1. અશોક (Ashoka)
- ✘ 2. ચંદ્રગુપ્ત મૌર્ય (Chandragupta Maurya)
- ✘ 3. બિંદુસાર (Bindusara)
- ✘ 4. બૃહદ્રથ મૌર્ય (Brihadratha Maurya)

**Q.42** હડપ્પા સંસ્કૃતિની કાંસ્ય-ઢળાઇ (bronze-casting) પરંપરાને હડપ્પાના અન્ય કળા સ્વરૂપોથી કયું લક્ષણ અલગ પાડે છે?

**Ans**
- ✘ 1. તે ચોક્કસ સ્થળોએ માત્ર ટેરાકોટાની મૂર્તિઓ બનાવવા સુધી મર્યાદિત હતું.
- ✔ 2. તેમાં ધાતુ-ઢળાઇની પદ્ધતિઓનો ઉપયોગ કરીને માનવ અને પ્રાણી બંનેની આકૃતિઓ બનાવવામાં આવતી હતી.
- ✘ 3. તેનો ઉપયોગ મુખ્યત્વે મહોર (સીલ) પર ચિત્રાત્મક કોતરણીઓ કરવા માટે થતો હતો.
- ✘ 4. તે ધાર્મિક વિધિઓ અને ઉત્સવોના દ્રશ્યો દર્શાવતા માત્ર મોટા પથ્થરના શિલ્પો બનાવવા પર કેન્દ્રિત હતું.

**Q.43** જાન્યુઆરી 2026માં "એચીવિંગ એફિશિયન્સીઝ ઈન MSME સેક્ટર થ્રુ કન્વર્જન્સ ઓફ સ્કીમ્સ" શીર્ષક હેઠળનો અહેવાલ કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો?

**Ans**
- ✘ 1. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા
- ✔ 2.
  NITI આયોગ
- ✘ 3.
  નાબાર્ડ (NABARD)
- ✘ 4.
  સેબી (SEBI)

**Q.44** નીચેનામાંથી કઈ વિશેષતા સામાન્ય રીતે ખંડીય ઢોળાવ (Continental Slope) પર જોવા મળે છે?

**Ans**
- ✘ 1. નદીના મુખત્રિકોણ પ્રદેશો અને પૂરના મેદાનો (River deltas and floodplains)
- ✘ 2. પરવાળાના ખડકો અને લગૂન (Coral reefs and lagoons)
- ✘ 3. રેતીના ટેકરા અને દરિયાકાંઠાના રેતાળ પટ (Sand dunes and beaches)
- ✔ 4. કોતરો અને મહાસાગરીય ખાઈઓ (Canyons and trenches)

**Q.45** ભારતના એક રાજ્યમાં, મંત્રીમંડળ ક્યાં સુધી હોદ્દા પર રહી શકે છે?

**Ans**
- ✘ 1. જ્યાં સુધી રાજ્યપાલ પોતાના હોદ્દા પરથી રાજીનામું ન આપે ત્યાં સુધી
- ✘ 2. જ્યાં સુધી રાષ્ટ્રપતિ રાજ્યની વિધાનસભાનું વિસર્જન ન કરે ત્યાં સુધી
- ✔ 3. રાજ્યપાલની મરજી સુધી અને વિધાનસભાના વિશ્વાસને આધીન
- ✘ 4. ભારતના સર્વોચ્ચ અદાલતની મંજૂરીને આધીન, પાંચ વર્ષની નિશ્ચિત અવધિ માટે

**Q.46** ટેલિફોન તકનીકમાં નીચેનામાંથી કયા ફેરફારે સંદેશાવ્યવહારની ઝડપ અને ગુણવત્તામાં સુધારો કર્યો?

**Ans**
- ✔ 1. તાંબાના વાયરને બદલે ઓપ્ટિકલ ફાઇબર અને ઉપગ્રહ (satellites) નો ઉપયોગ કરવો
- ✘ 2. ઓપ્ટિકલ ફાઇબરને બદલે તાંબાના વાયર (copper wires) નો ઉપયોગ કરવો
- ✘ 3. ટેલિફોન નેટવર્કને બદલે સ્થાનિક શહેરી પેટા-શાખાઓનો ઉપયોગ કરવો
- ✘ 4. સેટેલાઇટને બદલે ટપાલ અને કુરિયર સેવાઓનો ઉપયોગ કરવો

**Q.47** માનવ વિકાસ સૂચકાંક (Human Development Index (HDI)) ના સ્વાસ્થ્ય પરિમાણનું મૂલ્યાંકન કરતી વખતે નીચેનામાંથી કયા નિર્દેશકોને ધ્યાનમાં લેવામાં આવે છે?

**Ans**
- ✘ 1. વસ્તી ગીચતા
- ✘ 2. જન્મદર
- ✔ 3. જન્મ સમયનું અપેક્ષિત આયુષ્ય
- ✘ 4. બાળ મૃત્યુ દર

Q.48 હડપ્પીય પાષાણ શિલ્પ (Harappan stone sculpture) માં, દાઢીવાળા પુરુષના પૂતળા (bearded man statue) ની શાલનું વર્ણન કેવી રીતે કરવામાં આવ્યું છે?

Ans
❌ 1. તે જમણા ખભાને ઢાંકે છે અને ડાબા હાથની નીચેથી પસાર થાય છે.

❌ 2.
તે કમરના ભાગને ઢાંકે છે અને એક તરફ લટકે (hang) છે.

✔ 3.
તે ડાબા ખભાને ઢાંકે છે અને જમણા હાથ (right arm) ની નીચેથી પસાર થાય છે.

❌ 4.
તે બંને ખભાને ઢાંકે છે અને છાતી સુધી એક્સટેન્ડ કરે છે.

Q.49 ગુજરાત વિધાનસભામાં વર્ષ 2026-27 નું રાજ્ય બજેટ રજૂ કરનાર ગુજરાતના નાણામંત્રી કોણ હતા?

Ans
❌ 1. જીતુ વાઘાણી

❌ 2. કનુ મકવાણા

❌ 3. ઋષિકેશ ગણેશભાઈ પટેલ

✔ 4. કનુભાઈ મોહનલાલ દેસાઈ

Q.50 જૂન 2026 માં, ઓઇલ ઈન્ડિયા લિમિટેડ (OIL)એ કયા દેશમાં સ્થિત ઓનશોર એક્સપ્લોરેશન બ્લોકમાં હાઇડ્રોકાર્બન શોધ (hydrocarbon discovery)ની જાહેરાત કરી હતી?

Ans
❌ 1. ઈજિપ્ત (Egypt)

✔ 2. લિબિયા (Libya)

❌ 3. ટ્યુનિશિયા (Tunisia)

❌ 4. અલ્જીરિયા (Algeria)

Q.51 ચુંબકીય ક્ષેત્ર રેખાઓ ક્યારેય એકબીજાને કેમ છેદતી નથી?

Ans
❌ 1. ચુંબકીય ક્ષેત્ર રેખાઓ હંમેશા એકબીજાને સમાંતર રહે છે.

❌ 2. ચુંબકીય ક્ષેત્ર અવકાશમાં માત્ર એક જ બિંદુ પર અસ્તિત્વ ધરાવે છે.

❌ 3. ચુંબક એક સમયે માત્ર એક જ ચુંબકીય ક્ષેત્ર રેખા ઉત્પન્ન કરી શકે છે.

✔ 4. આપેલા કોઈપણ બિંદુએ ચુંબકીય ક્ષેત્રની દિશા એક અનન્ય દિશા હોય છે.

Q.52 ભારતીય નેતાઓના દ્રષ્ટિકોણથી, 1885 માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના પાછળનો પ્રાથમિક ઉદ્દેશ્ય શું હતો?

Ans
❌ 1. બ્રિટિશ શાસન સામે સશસ્ત્ર સંઘર્ષનું આયોજન કરવું

❌ 2. બ્રિટિશ સામ્રાજ્યથી સંપૂર્ણ સ્વતંત્રતાની માંગ કરવી

❌ 3. પ્રાંતીય (provincial) સરકારોની સ્થાપના કરવી

✔ 4. ભારતીય ફરિયાદો રજૂ કરવા માટે એક કેન્દ્રિય પ્લેટફોર્મ (centralized platform)ની રચના કરવી

Q.53 પરંપરાગત મિથિલા ચિત્રકળામાં ધાર્મિક વિધિઓના ઉપયોગ માટે સામાન્ય રીતે ઘરના કયા ભાગમાં ચિત્રો દોરવામાં આવતા હતા?

Ans
✔ 1. કોહબર ઘર (Kohbar ghar)

❌ 2. પૂર્વીય પૂજા સ્થાન (Eastern prayer area)

❌ 3. મધ્યસ્થ આંગણું (Central courtyard)

❌ 4. બહારની ઓસરી (Outer verandah)

Q.54 જુલાઈ 2026 માં અમદાવાદ ખાતે ઉદ્દઘાટન કરવામાં આવેલ 'માતૃશ્રી મણિબેન માવજીભાઈ સ્વરૂપચંદ વોરા VBC ભવન (Matrushri Maniben Mavjibhai Swaroopchand Vora VBC Bhavan)' નો હેતુ શું છે?

Ans
❌ 1. તબીબી અને આરોગ્યસંભાળ સુવિધાઓ પ્રદાન કરવી

✔ 2.
શૈક્ષણિક અને સમુદાય સુવિધાઓ પ્રદાન કરવી

❌ 3.
પ્રવાસન અને મનોરંજન સુવિધાઓ પ્રદાન કરવી

❌ 4.
ઔદ્યોગિક અને વાણિજ્યિક સુવિધાઓ પ્રદાન કરવી

Q.55 કુમારગુપ્ત I નીચેનામાંથી કયા શાસકનો ઉત્તરાધિકારી બન્યો હતો?

Ans
❌ 1. ચંદ્રગુપ્ત I (Chandragupta I)

❌ 2. સ્કંદગુપ્ત

❌ 3. અશોક

✔ 4. ચંદ્રગુપ્ત II (Chandragupta II)

Q.56 1857 માં દિલ્હી પર કબજો મેળવ્યા પછી બળવાખોરો દ્વારા કોને પ્રતીકાત્મક સમ્રાટ (symbolic emperor) તરીકે જાહેર કરવામાં આવ્યા હતા?

Ans
❌ 1. કુંવરસિંહ

✔ 2. બહાદુરશાહ બીજા

❌ 3. વાજિદ અલી શાહ

❌ 4. નાનાસાહેબ

Q.57 ભારતીય બંધારણ હેઠળ વ્યક્તિની અટકાયતની કાયદેસરતા તપાસવા માટે અદાલત દ્વારા કયો આદેશ (writ) જારી કરવામાં આવે છે?

Ans
❌ 1. પરમાદેશ (Mandamus)

✔ 2. બંદી-પ્રત્યક્ષીકરણ (Habeas Corpus)

❌ 3. ઉત્પ્રેષણ (Certiorari)

❌ 4. નિષેધ (Prohibition)

Q.58 ઓગસ્ટ 2026ની સ્થિતિ અનુસાર, ભારતના કેન્દ્રીય મંત્રીમંડળમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી કોણ છે?

Ans
✔ 1. પ્રહલાદ જોશી

❌ 2. અશ્વિની વૈષ્ણવ

❌ 3. કિરેન રિજિજુ

❌ 4. મનસુખ માંડવિયા

Q.59 2026માં, બોકો હરામના બળવાખોરોએ કયા સરોવરના કિનારે આવેલા લશ્કરી મથક પર જીવલેણ હુમલો કર્યો હતો?

Ans
✔ 1. ચાડ સરોવર

❌ 2. વિક્ટોરિયા સરોવર

❌ 3. તુર્કાના સરોવર

❌ 4. તાંગાનિકા સરોવર

Q.60 વિદ્યુત વાયરોના ઉત્પાદન દરમિયાન ધાતુઓના કયા ગુણધર્મનો ઉપયોગ થાય છે?

Ans
❌ 1. ધાતુઓની ઘનતા

❌ 2. ધાતુઓની મધુરતા

✔ 3. ધાતુઓની તન્યતા

❌ 4. ધાતુઓની બરડતા

Section : **Quantitative Aptitude**

**Q.61** એક ફેરી (ferry) પ્રવાહની દિશામાં 2 કલાકમાં 56 km નું અંતર કાપે છે અને પ્રવાહની વિરુદ્ધ દિશામાં 4 કલાકમાં 56 km નું અંતર કાપીને પરત ફરે છે. જો પ્રવાહની ઝડપ 7 km/h હોય, તો સ્થિર પાણીમાં ફેરીની ઝડપ કેટલી હશે?

**Ans**
- ✗ 1. 14 km/h
- ✓ 2. 21 km/h
- ✗ 3. 7 km/h
- ✗ 4. 28 km/h

**Q.62** લિયમ, મિયા અને નોઆ પૈકી દરેક એક જ ફેન્સ અનુક્રમે 12 કલાક, 8 કલાક અને 24 કલાકમાં આપમેળે પૂર્ણ કરી શકે છે. જો તેઓ બધા સાથે મળીને કામ કરે, તો એક કલાકમાં ફેન્સનો કેટલો ભાગ બનાવી શકે?

**Ans**
- ✗ 1. $\frac{1}{5}$
- ✗ 2. $\frac{1}{3}$
- ✓ 3. $\frac{1}{4}$
- ✗ 4. $\frac{1}{6}$

**Q.63** આપેલ દ્વિઘાત સમીકરણ $2x^2 - 9x + 10 = 0$ માટે, નીચેનામાંથી કયું તેનું એક બીજ છે?

**Ans**
- ✗ 1. 5
- ✗ 2. 4
- ✗ 3. 3
- ✓ 4. 2.5

**Q.64** એક જથ્થાબંધ વેપારી 80 બોરી ચોખા ₹1,200 પ્રતિ બોરીના ભાવે ખરીદે છે અને તેને બે લોટમાં વેચે છે: 50 બોરી 20% પ્રતિ લોટના નફામાં અને બાકીની બોરી 10% પ્રતિ લોટની ખોટમાં. તો આ સમગ્ર વ્યવહારમાં કુલ નફા કે ખોટની રકમ કેટલી થશે?

**Ans**
- ✗ 1. ₹8,400 ની ખોટ
- ✗ 2. ₹8,200 નો નફો
- ✓ 3. ₹8,400 નો નફો
- ✗ 4. ₹800 ની ખોટ

**Q.65** એક બરણીમાં ખાંડનું પ્રમાણ પહેલા 15% ઘટાડવામાં આવે છે અને પછી તેમાં 10% નો વધારો કરવામાં આવે છે. જો પ્રારંભિક પ્રમાણ 200 ગ્રામ હોય, તો અંતિમ પ્રમાણ કેટલું છે?

**Ans**
- ✓ 1. 187 ગ્રામ
- ✗ 2. 197 ગ્રામ
- ✗ 3. 167 ગ્રામ
- ✗ 4. 177 ગ્રામ

**Q.66** બે ભાઈઓ S અને T ની વર્તમાન ઉંમર 5 : 7 ના ગુણોત્તરમાં છે અને તેમની ઉંમરનો તફાવત 12 વર્ષ છે. તો 6 વર્ષ પછી તેમની ઉંમરનો ગુણોત્તર કેટલો થશે?

**Ans**
- ✗ 1. 13 : 17
- ✓ 2. 3 : 4
- ✗ 3. 9 : 11
- ✗ 4. 10 : 13

**Q.67** એક દોડવીર 15 સેકન્ડમાં 150 મીટરનું અંતર કાપે છે. તો મીટર પ્રતિ સેકન્ડમાં તેની ઝડપ કેટલી થશે?

**Ans**
- ✗ 1. 12 m/s
- ✓ 2. 10 m/s
- ✗ 3. 15 m/s
- ✗ 4. 5 m/s

Q.68 એક ગોળાની ત્રિજ્યા (x + 2) cm છે. બીજા ગોળાની ત્રિજ્યા (x−1) cm છે. જો તેમના પૃષ્ઠફળોનો તફાવત $168\pi\ cm^2$ હોય, તો x નું મૂલ્ય શોધો.

Ans
✔ 1. 6.5
✗ 2. 5.5
✗ 3. 8.5
✗ 4. 7.5

Q.69 15, 25 અને 45નું ચતુર્થ પ્રમાણપદ કયું થશે?

Ans
✗ 1. 30
✔ 2. 75
✗ 3. 60
✗ 4. 90

Q.70 k ના કયા મૂલ્ય માટે દ્વિઘાત સમીકરણ $x^2 + 8x + k = 0$ ના બીજ સમાન હશે?

Ans
✗ 1. k = 32
✗ 2. k = 8
✗ 3. k = 4
✔ 4. k = 16

Q.71 કાપડનો એક ટુકડો 16 m લાંબો છે અને બીજો ટુકડો 36 m લાંબો છે. તો તેમની વચ્ચેની મધ્યમ પ્રમાણપદ (mean proportional) લંબાઈ (મીટરમાં) કેટલી છે?

Ans
✗ 1. 36
✔ 2. 24
✗ 3. 48
✗ 4. 12

Q.72 ₹4,000 પર 10% ના દરે 1 વર્ષ માટે મળતા સાદા વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ વચ્ચેનો તફાવત કેટલો થશે?

Ans
✗ 1. તફાવત ₹40 છે.
✔ 2. સાદા વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ વચ્ચે કોઈ તફાવત નથી.
✗ 3. તફાવત ₹400 છે.
✗ 4. તફાવત ₹4 છે.

Q.73 એક બિંદુ P, y-અક્ષની ડાબી બાજુએ 4 એકમના અંતરે x-અક્ષ પર આવેલું છે. તો P ના યામ શું હશે?

Ans
✗ 1. (0, -4)
✗ 2. (4, 0)
✗ 3. (0, 4)
✔ 4. (-4, 0)

Q.74 એક ફળ વિક્રેતા ₹120 માં 10 નારંગી ખરીદે છે અને 5 નારંગી ₹75 માં વેચે છે. તો તેને કેટલા ટકા નફો કે ખોટ થઈ હશે?

Ans
✔ 1. 25% નફો
✗ 2. 25% ખોટ
✗ 3. 20% ખોટ
✗ 4. 20% નફો

Q.75 એક શહેરની વસ્તી ગયા વર્ષે 18,000 હતી. સ્થળાંતરને કારણે, પ્રથમ છ મહિનામાં વસ્તીમાં 10% નો ઘટાડો થયો અને પછી આગામી છ મહિનામાં વસ્તીમાં 20% નો વધારો થયો હતો. તો વર્ષના અંતે વસ્તી કેટલી હશે?

Ans
✗ 1. 20,160
✗ 2. 18,720
✗ 3. 21,600
✔ 4. 19,440

Q.76 બે સમાન સમઘન જે 2.4 cm ધારની લંબાઈ ધરાવે છે તેને એકબીજા સાથે એક સપાટીથી જોડવામાં આવે છે. આ રીતે બનતા નવા સંયોજિત ઘન પદાર્થનું કુલ પૃષ્ઠફળ કેટલું થશે?

Ans
- ✗ 1. 34.56 $cm^2$
- ✗ 2. 69.12 $cm^2$
- ✓ 3. 57.6 $cm^2$
- ✗ 4. 46.08 $cm^2$

Q.77 $2^3 \times \sqrt[3]{27} \times 4^{-2} \times \sqrt[3]{64}$ નું મૂલ્ય કેટલું છે?

Ans
- ✗ 1. 2
- ✗ 2. 3
- ✗ 3. 9
- ✓ 4. 6

Q.78 ગણિતની એક પરીક્ષામાં એક વર્ગના ગુણનો મધ્યક 60 છે અને મધ્યસ્થ 65 છે. તો પ્રયોગમૂલક સંબંધના આધારે ગુણનો બહુલક કેટલો હશે?

Ans
- ✗ 1. 90
- ✓ 2. 75
- ✗ 3. 85
- ✗ 4. 70

Q.79 60 કોર્પોરેટ કર્મચારીઓનું એક પાર્ક સુધીનું મુસાફરીનું અંતર નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવ્યું છે: 12 કર્મચારીઓ 10–20 km, 18 કર્મચારીઓ 20–30 km, 15 કર્મચારીઓ 30–40 km, 10 કર્મચારીઓ 40–50 km, અને 5 કર્મચારીઓ 50–60 km ની મુસાફરી કરે છે. તો મુસાફરીના અંતરનો મધ્યસ્થ કેટલો થશે?

Ans
- ✓ 1. 30 km
- ✗ 2. 35 km
- ✗ 3. 37 km
- ✗ 4. 27 km

Q.80 A અને B એક કામ 10 દિવસમાં કરી શકે છે. B અને C તે જ કામ 15 દિવસમાં કરી શકે છે. જો A, B અને C ત્રણેય સાથે મળીને તે કામ 6 દિવસમાં પૂરું કરે, તો A અને C સાથે મળીને તે કામ પૂરું કરવા કેટલો સમય લેશે?

Ans
- ✓ 1. 6 દિવસ
- ✗ 2. 12 દિવસ
- ✗ 3. 3 દિવસ
- ✗ 4. 9 દિવસ

Q.81 24, 48, અને 54 નું ચોથું પ્રમાણપદ શોધો.

Ans
- ✗ 1. 27
- ✓ 2. 108
- ✗ 3. 135
- ✗ 4. 81

Q.82 એવી સૌથી મોટી સંખ્યા શોધો કે જેના વડે 22, 37 અને 52 ને વિભાજિત કરતા દરેક વખતે સમાન શેષ રહે.

Ans
- ✓ 1. 15
- ✗ 2. 14
- ✗ 3. 10
- ✗ 4. 12

Q.83 એક બસ 6 કલાકમાં 360 કિમીનું અંતર કાપે છે. તો તે બસની ઝડપ કેટલી હશે?

Ans
- ✗ 1. 54 km/h
- ✗ 2. 66 km/h
- ✓ 3. 60 km/h
- ✗ 4. 30 km/h

Q.84 એક વેપારી એક વસ્તુ પર તેની મૂળ કિંમત કરતાં 25% વધુ કિંમત છાપે છે અને ત્યારબાદ તે છાપેલી કિંમત પર 10% વળતર (ડિસ્કાઉન્ટ) આપે છે. તો તેને કેટલા ટકા નફો થયો હશે?

Ans
✔ 1. 12.5%
✘ 2. 25%
✘ 3. 15%
✘ 4. 10%

Q.85 ત્રિકોણમિતિય નિત્યસમો અનુસાર, નીચેનામાંથી કઈ પદાવલિની કિંમત હંમેશાં 1 બરાબર થાય છે?

Ans
✘ 1. $\tan^2\theta + \sec^2\theta$
✔ 2. $\sec^2\theta - \tan^2\theta$
✘ 3. $\tan^2\theta - \sec^2\theta$
✘ 4. $\cot^2\theta - \csc^2\theta$

Q.86 એક ટાંકીને પાઈપ M દ્વારા 10 કલાકમાં અને પાઈપ N દ્વારા 15 કલાકમાં ભરી શકાય છે. બંને પાઇપ એકસાથે ખોલવામાં આવે છે, પરંતુ 4 કલાક પછી પાઈપ M ને બંધ કરવામાં આવે છે. તો ટાંકીનો બાકીનો ભાગ ભરવા માટે પાઈપ N ને કેટલો સમય લાગશે?

Ans
✘ 1. 4 કલાક
✘ 2. 7 કલાક
✘ 3. 6 કલાક
✔ 4. 5 કલાક

Q.87 ₹2,500 ની રકમ પર વાર્ષિક 8% ના દરે 2 વર્ષ માટે મળતું સાદું વ્યાજ શોધો.

Ans
✘ 1. ₹500
✘ 2. ₹450
✘ 3. ₹200
✔ 4. ₹400

Q.88 ₹8,000 નું વાર્ષિક 12% ચક્રવૃદ્ધિ વ્યાજના દરે, અર્ધવાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતાં, રોકાણ કરવામાં આવે છે. તો 1 વર્ષના અંતે મળતી રકમ શોધો.

Ans
✘ 1. ₹8960.80
✔ 2. ₹8988.80
✘ 3. ₹8948.80
✘ 4. ₹8798.80

Q.89 80 cm લંબાઈ, 60 cm પહોળાઈ અને 45 cm ઊંચાઈ ધરાવતી એક લંબઘન ટાંકીમાં 30 cm ની ઊંડાઈ સુધી પાણી હોય છે. જો ટાંકીમાંથી પાણીનું સ્તર ઘટીને 15 cm થાય ત્યાં સુધી પાણી બહાર કાઢવામાં આવે, તો કેટલા લિટર પાણી બહાર કાઢવામાં આવ્યું હશે?

Ans
✔ 1. 72
✘ 2. 60
✘ 3. 54
✘ 4. 90

Q.90 જો એક કાટકોણ ત્રિકોણમાં $\cos\theta = \frac{4}{5}$ હોય, તો $\sec\theta - \tan\theta$ નું મૂલ્ય શું થશે?

Ans
✔ 1. $\frac{1}{2}$
✘ 2. $\frac{1}{4}$
✘ 3. $\frac{1}{3}$
✘ 4. $\frac{1}{5}$

**Q.91** વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.

JNV : MQY
QMS : TPV

**Ans**
- ✗ 1. TEK : UFL
- ✗ 2. PSK : RUM
- ✗ 3. WHG : ZIF
- ✓ 4. DHM : GKP

**Q.92** જો 'T' નો અર્થ '÷' હોય, 'U' નો અર્થ '×' હોય, 'V' નો અર્થ '+' હોય અને 'W' નો અર્થ '-' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન '?' નાં સ્થાને શું આવશે?

30 U 4 W 8 T 2 V 10 = ?

**Ans**
- ✗ 1. 120
- ✗ 2. 124
- ✗ 3. 130
- ✓ 4. 126

**Q.93** છ બોક્સ G, H, I, Q, R અને S પૈકી દરેકને એકબીજાની ઉપર મૂકવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આપેલા ક્રમમાં જ હોય. Q ની નીચે ફક્ત બે બોક્સ મૂકવામાં આવ્યા છે. S ની ઉપર ફક્ત એક બોક્સ મૂકવામાં આવ્યું છે. G અને Q ની વચ્ચે ફક્ત એક બોક્સ મૂકવામાં આવ્યું છે. H ને G ની તરત જ ઉપર મૂકવામાં આવ્યું છે. R ને I ની નીચેના કોઈ એક સ્થાને મૂકવામાં આવ્યું છે. તો I અને H ની વચ્ચે કેટલા બોક્સ મૂકવામાં આવ્યા છે?

**Ans**
- ✗ 1. બે
- ✗ 2. એક
- ✗ 3. ચાર
- ✓ 4. ત્રણ

**Q.94** હિમંતા બિંદુ A થી શરૂ કરીને ઉત્તર દિશા તરફ 14 km ગાડી ચલાવે છે. ત્યારબાદ તે જમણી તરફ વળાંક લઈ 12 km ગાડી ચલાવે છે, પછી જમણી તરફ વળીને 22 km ગાડી ચલાવે છે. તે પછી તે જમણી તરફ વળાંક લે છે અને 26 km ગાડી ચલાવે છે. અંતે તે એક છેલ્લો જમણી તરફનો વળાંક લઈ 8 km ગાડી ચલાવીને બિંદુ P પર ઊભો રહે છે. ફરીથી બિંદુ A પર પહોંચવા માટે તેણે કેટલા અંતરે (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ગાડી ચલાવવી જોઈએ? (જ્યાં સુધી સ્પષ્ટ ન કરવામાં આવ્યું હોય ત્યાં સુધી તમામ વળાંકો માત્ર 90-ડિગ્રીના જ છે)

**Ans**
- ✗ 1. 12 km પશ્ચિમમાં
- ✓ 2. 14 km પૂર્વમાં
- ✗ 3. 13 km ઉત્તરમાં
- ✗ 4. 11 km પૂર્વમાં

**Q.95** નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબેથી જમણે કરવાની છે.

(ડાબી બાજુ) P R K J A % N \ & D L L W A P C + G $ (જમણી બાજુ)

એવા કેટલાં પ્રતીકો છે જેમાંના દરેકની તરત પહેલાં એક અક્ષર આવે છે અને તરત પછી પણ એક અક્ષર આવે છે?

**Ans**
- ✗ 1. ચાર
- ✓ 2. બે
- ✗ 3. એક
- ✗ 4. ત્રણ

Q.96 નીચે આપેલી સંખ્યા, પ્રતીક શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે. બધી સંખ્યાઓ ફક્ત એક-અંકની સંખ્યાઓ છે.

(ડાબી બાજુ) 1 € € © & % 7 * * 5 6 3 3 & € © © * 2 7 * 1 (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલા એક સંખ્યા આવે છે અને તરત જ પછી પણ એક સંખ્યા આવે છે?

Ans
- ✗ 1. એકપણ નહીં
- ✗ 2. બે
- ✓ 3. એક
- ✗ 4. ત્રણ

Q.97 નીચે આપેલી શ્રેણીમાં '?' ના સ્થાને શું આવવું જોઈએ?
4 ? 16 32 64 128

Ans
- ✗ 1. 12
- ✗ 2. 10
- ✓ 3. 8
- ✗ 4. 14

Q.98 આ પ્રશ્ન નીચે આપેલ શબ્દો પર આધારિત છે.
(ડાબી બાજુ) EGG GAS LOG WIN (જમણી બાજુ)
અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ, જમણી બાજુથી બીજા શબ્દના બીજા અક્ષર અને ડાબી બાજુથી બીજા શબ્દના ત્રીજા અક્ષરની વચ્ચે કેટલા અક્ષરો આવે છે?

Ans
- ✗ 1. 6
- ✗ 2. 4
- ✓ 3. 3
- ✗ 4. 2

Q.99 નીચે આપેલા શબ્દોની તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવણી દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
1. મધ્યરાત્રિ
2. બપોર
3. સવાર
4. સાંજ
5. રાત્રિ

Ans
- ✗ 1. 1, 4, 5, 2, 3
- ✓ 2. 3, 2, 4, 5, 1
- ✗ 3. 2, 3, 1, 4, 5
- ✗ 4. 4, 5, 1, 3, 2

Q.100 'BEWRAYS' શબ્દમાં રહેલા બધા જ અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા અક્ષરોના નવા સમૂહમાં ડાબી બાજુથી બીજા અને જમણી બાજુથી ત્રીજા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

Ans
- ✗ 1. 15
- ✗ 2. 19
- ✓ 3. 16
- ✗ 4. 17

Q.101 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

બિંદુ P ની સાપેક્ષે બિંદુ Q કઈ દિશામાં છે?
વિધાન I: એક વ્યક્તિ બિંદુ P થી ચાલવાનું શરૂ કરે છે અને ઉત્તર તરફ 6 m ચાલે છે અને ત્યારબાદ બિંદુ Q પર પહોંચવા માટે પૂર્વ તરફ 8 m ચાલે છે.
વિધાન II: P અને Q વચ્ચેનું લઘુત્તમ અંતર 10 m છે.

Ans
✗ 1. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✓ 2. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 3. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 4. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.102 D, E, F, X, Y અને Z એક જ ઈમારતના છ અલગ-અલગ માળ પર રહે છે. ઈમારતના સૌથી નીચેના માળને 1 ક્રમાંક આપવામાં આવ્યો છે, તેની ઉપરના માળને 2 ક્રમાંક આપવામાં આવ્યો છે અને આ જ ક્રમ અનુસરતા સૌથી ઉપરના માળને 6 ક્રમાંક આપવામાં આવ્યો છે.
E એ બેકી સંખ્યાવાળા માળ પર રહે છે પરંતુ તે માળ ક્રમાંક 4 પર રહેતો નથી. E અને F ની વચ્ચે ફક્ત બે લોકો રહે છે. Y એ એકી સંખ્યાવાળા માળ પર રહે છે પરંતુ તે સૌથી નીચેના માળ પર રહેતો નથી. Y અને Z ની વચ્ચે ફક્ત બે લોકો રહે છે. X એ Y ની તરત જ નીચે રહે છે.
D અને X ની વચ્ચે કેટલા લોકો રહે છે?

Ans
✓ 1. બે
✗ 2.
ત્રણ
✗ 3.
એક
✗ 4.
ચાર

Q.103 એક ચોક્કસ તર્કને અનુસરીને, 18 એ 164 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 24 એ 218 સાથે સંબંધિત છે. તો સમાન તર્કને અનુસરીને, 45 એ આપેલા કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ (Operations) જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં વિભાજિત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans
✗ 1. 400
✓ 2. 407
✗ 3. 417
✗ 4. 413

Q.104 એક એક્યુરેટ ઘડિયાળ (accurate clock) 9:30 am વાગ્યા બતાવે છે. જ્યારે આ ઘડિયાળ 4:00 pm વાગ્યા બતાવશે, ત્યારે કલાકનો કાંટો કેટલા અંશ (ડિગ્રી) ફરશે?

Ans
✗ 1. 90 અંશ
✓ 2. 195 અંશ
✗ 3. 180 અંશ
✗ 4. 270 અંશ

Q.105 પાંચ વ્યક્તિઓ, A, G, H, K અને L છે, દરેકની ઊંચાઈ અલગ-અલગ છે. G એ K કરતા ઊંચો છે પરંતુ L કરતા નીચો (shorter) છે. K એ H કરતા ઊંચો છે. A એ H કરતા ઊંચો છે. બે કરતા વધુ લોકો A કરતા ઊંચા છે. કેટલા લોકો G કરતા નીચા છે?

Ans
✗ 1. એકપણ નહીં
✗ 2. એક
✓ 3. ત્રણ
✗ 4. બે

**Q.106** નીચે આપેલા શબ્દોની તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવણી દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
ઊન
સ્વેટર
ઘેટાં
ગૂંથણકામ
યાર્ન

**Ans**
✗ 1. 1, 3, 5, 4, 2
✗ 2. 3, 5, 1, 4, 2
✗ 3. 3, 1, 4, 5, 2
✓ 4. 3, 1, 5, 4, 2

**Q.107** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે કે નહિ. બંને વિધાનો વાંચો અને યોગ્ય ઉત્તર નક્કી કરો.

પ્રશ્ન: Rનો S સાથે શો સંબંધ છે?

વિધાન I: P એ Rના પિતા છે. P એ Sનો ભાઈ છે.
વિધાન II: R એ Pનો પુત્ર છે. S એ Pની બહેન છે.

**Ans**
✗ 1. માત્ર વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
✓ 2. માત્ર વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
✗ 3. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે મળીને પણ પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી નથી.
✗ 4. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે મળીને પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે (માત્ર વિધાન I કે માત્ર વિધાન II પૂરતું નથી.)

**Q.108** C, D, J, R, T, V અને Y આ સાત લોકો ઉત્તર તરફ મુખ રાખીને એક હરોળમાં બેસે છે. R ની ડાબી બાજુએ ફક્ત બે લોકો બેસે છે. R અને T ની વચ્ચે ફક્ત ત્રણ લોકો બેસે છે. T અને V ની વચ્ચે ફક્ત એક વ્યક્તિ બેસે છે. J એ C ની તરત ડાબી બાજુએ બેસે છે. D એ T ની તરત બાજુમાં બેસતો નથી. D ની જમણી બાજુએ કેટલા લોકો બેસે છે?

**Ans**
✗ 1. એક
✗ 2. ચાર
✓ 3. ત્રણ
✗ 4. બે

**Q.109** CRYPTOS શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનતા નવા અક્ષર સમૂહમાં ડાબી બાજુથી બીજા સ્થાને અને જમણી બાજુથી ચોથા સ્થાને આવતા અક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવશે?

**Ans**
✗ 1. 5
✗ 2. 4
✗ 3. 7
✓ 4. 2

**Q.110** સંખ્યા 5629341 ના દરેક અંકોને ડાબેથી જમણે ચડતા ક્રમમાં ગોઠવવામાં આવે, તો મૂળ સંખ્યાની સરખામણીમાં કેટલા અંકોનું સ્થાન અપરિવર્તિત (યથાવત) રહેશે?

**Ans**
✗ 1. એક
✓ 2. એક પણ નહીં
✗ 3. બે
✗ 4. ત્રણ

Q.111 નીચે આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો કે જેમાં આપેલા નામ અને સરનામાની બધી વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.
Mr. Nitin R. Gupta
House No. 35, Ashoka Gardens,
19, Nehru Road, Gomti Nagar,
Lucknow, Uttar Pradesh – 226010

Ans
✗ 1. Mr. Nitin R. Gupta, House No. 53, Ashoka Gardens, 19, Nehru Road, Gomti Nagar, Lucknow, Uttar Pradesh – 226010
✗ 2. Mr. Nitin R. Gupta, House No. 35, Ashoka Garden, 19, Nehru Road, Gomti Nagar, Lucknow, Uttar Pradesh – 226010
✗ 3. Mr. Nitin S. Gupta, House No. 35, Ashoka Gardens, 19, Nehru Road, Gomti Nagar, Lucknow, Uttar Pradesh – 226010
✓ 4. Mr. Nitin R. Gupta, House No. 35, Ashoka Gardens, 19, Nehru Road, Gomti Nagar, Lucknow, Uttar Pradesh – 226010

Q.112 એક ચોક્કસ કોડ ભાષામાં, 'FORK' ને કોડમાં '7592' તરીકે લખવામાં આવે છે અને 'KIND' ને કોડમાં '2618' તરીકે લખવામાં આવે છે. તો આ કોડ ભાષામાં 'K' માટે શું લખી શકાય?

Ans
✗ 1. 6
✗ 2. 5
✗ 3. 8
✓ 4. 2

Q.113 જો 5 માર્ચ 1998 ના રોજ ગુરુવાર હતો, તો 10 ફેબ્રુઆરી 2004 ના રોજ અઠવાડિયાનો કયો દિવસ હતો?

Ans
✓ 1. મંગળવાર
✗ 2. સોમવાર
✗ 3. રવિવાર
✗ 4. શુક્રવાર

Q.114 નીચે બે સંખ્યા ગણો આપેલા છે. દરેક સંખ્યા ગણમાં, પ્રથમ સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાના પરિણામે બીજી સંખ્યા મળે છે. એ જ રીતે, બીજી સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાના પરિણામે ત્રીજી સંખ્યા મળે છે અને આ પ્રમાણે ક્રિયા આગળ ચાલે છે. કયો વિકલ્પ એ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલા સંખ્યા ગણો દ્વારા અનુસરવામાં આવી છે?

(નોંધ: સંખ્યાઓને તેના ઘટક અંકોમાં અલગ કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર કામગીરી કરવી જોઈએ. દા.ત., 13 લઇએ, તો તેમાં ઉમેરો/બાદબાકી/ગુણાકાર વગેરે જેવી કામગીરી કરી શકાય છે. 13 ને 1 અને 3માં અલગ કરીને પછી 1 અને 3 પર ગાણિતિક કામગીરી કરવાની મંજૂરી નથી.)

7 - 49 - 52 - 104 : 8 - 64 - 67 - 134

Ans
✓ 1. 6 - 36 - 39 - 78
✗ 2. 5 - 35 - 28 - 56
✗ 3. 12 - 4 - 7 - 14
✗ 4. 3 - 9 - 2 - 24

Q.115 છ વ્યક્તિઓ F, H, O, P, T અને W પૈકી દરેકની ઉંમર અલગ-અલગ છે. માત્ર બે લોકોની ઉંમર T અને W ની વચ્ચે છે. માત્ર એક જ વ્યક્તિ H કરતાં મોટી છે. માત્ર ત્રણ લોકોની ઉંમર H અને T ની વચ્ચે છે. O એ F કરતાં મોટી છે પરંતુ P કરતાં નાની છે. તો કેટલા લોકો F કરતાં નાના છે?

Ans
✗ 1. ત્રણ
✓ 2. એક
✗ 3. બે
✗ 4.
એકપણ નહીં

Q.116 જો 19 એપ્રિલ 2012 ના રોજ ગુરુવાર હોય, તો 19 એપ્રિલ 2013 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

Ans
✗ 1. મંગળવાર
✗ 2. શનિવાર
✓ 3. શુક્રવાર
✗ 4. બુધવાર

Q.117 આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકોની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 721 215 543 872 643 (જમણી બાજુ)
(ઉદાહરણ- 697 – પ્રથમ અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
જો સૌથી મોટી સંખ્યાના બીજા અંકને સૌથી નાની સંખ્યાના બીજા અંકમાં ઉમેરવામાં આવે, તો મળતું પરિણામ શું હશે?

Ans
✗ 1. 7
✗ 2. 9
✗ 3. 6
✓ 4. 8

Q.118 પાંચ વ્યક્તિઓ E, O, S, Y અને Z ની ઊંચાઈ અલગ-અલગ છે. O એ S કરતાં ઊંચો છે પણ Z કરતાં નીચો છે. Z એ Y કરતાં ઊંચો છે પણ E કરતાં નીચો છે. Y એ S કરતાં ઊંચો છે પણ O કરતાં નીચો છે. તો કેટલા વ્યક્તિ/ વ્યક્તિઓ O કરતાં નીચા છે?

Ans
✓ 1. બે
✗ 2. ત્રણ
✗ 3. એકપણ નહીં
✗ 4. એક

Q.119 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.
4 વૃક્ષો B, O, W અને Y પૈકી દરેક અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે. તો તેમાંથી સૌથી નીચું વૃક્ષ કયું છે?
(I) Y એ માત્ર બે જ વૃક્ષો કરતાં નીચું છે.
(II) Y એ B કરતાં ઊંચું છે પરંતુ O કરતાં નીચું છે.

Ans
✗ 1. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✓ 2. વિધાન (I) અને (II) બંનેમાં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✗ 3. વિધાન (I) અને (II) બંનેમાં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 4. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.120 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી)

Ans
✗ 1. CF - HK
✗ 2. EH - JM
✓ 3. RU - VY
✗ 4. LO - QT

Q.121 નીચેની અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) U G H J I O L Y U B I R T D E S A L M N O K U R (જમણી બાજુ)

એવા કેટલા વ્યંજન છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે અને તરત જ પછી પણ એક સ્વર આવે છે?

Ans
✗ 1. ચાર
✗ 2. એક
✗ 3. બે
✓ 4. ત્રણ

Q.122 નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે.

(ડાબી બાજુ) S = + G G V D W J ? = # + N S % E A V (જમણી બાજુ)

એવા કેટલાં અક્ષરો છે જે દરેકની તરત જ પહેલાં એક પ્રતીક આવે છે અને તરત જ પછી એક અક્ષર પણ આવે છે?

Ans
1. ચાર ✗
2. ત્રણ ✓
3. બે ✗
4. એક ✗

Q.123 જો '÷' અને '-' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '+' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને શું આવશે?

34 + 48 × 12 - 6 ÷ 4 = ?

Ans
1. 56 ✗
2. 58 ✗
3. 52 ✗
4. 54 ✓

Q.124 એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો.

પ્રશ્ન: "Red" માટેનો કોડ શું છે?

પ્રશ્ન 1: "Red Blue" ને "ka mi" તરીકે કોડમાં લખવામાં આવે છે.
પ્રશ્ન 2: "Blue Green" ને "mi zo" તરીકે કોડમાં લખવામાં આવે છે.

Ans
1. વિધાનો I અને II માં આપેલી માહિતી એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓
2. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✗
3. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી. ✗
4. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી. ✗

Q.125 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને શું આવવું જોઈએ?

RVY PTW NRU LPS ?

Ans
1. JMP ✗
2. KMP ✗
3. JNQ ✓
4. INQ ✗

Q.126 નીચે આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, અને નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ/કયા તારણો વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

**વિધાનો:** કેટલાક સફરજનો, નારંગીઓ છે. કેટલીક નારંગીઓ, કેરીઓ છે.

તારણ (I): કેટલાક સફરજનો, કેરીઓ છે.
તારણ (II): કોઈ કેરી, નારંગી નથી.

Ans
1. કોઈપણ અનુસરતું નથી ✓
2. બંને અનુસરે છે ✗
3. ફક્ત I અનુસરે છે ✗
4. ફક્ત II અનુસરે છે ✗

Q.127 એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો.

પ્રશ્ન: "Yellow" માટેનો કોડ શું છે?

વિધાન I: "Yellow Black" ને કોડમાં "pa ti." તરીકે લખવામાં આવે છે.
વિધાન II: "Black White" ને કોડમાં "ti ru." તરીકે લખવામાં આવે છે.

Ans
✗ 1. વિધાન I માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
✗ 2. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
✗ 3. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✓ 4. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.128 કયો વિકલ્પ એ સૌથી નિકટતમ અંદાજિત મૂલ્ય (closest approximate value) દર્શાવે છે, જેને નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?)નાં સ્થાને મૂકી શકાય છે?

18.07 – 6.94 + 14.96 × 5.12 = ?

Ans
✗ 1. 85
✓ 2. 86
✓ 3. 87
✗ 4. 84

Note: For this question, ambiguity is found in question/answer. Candidate will get full marks for this question if any of these options are chosen - 2,3

Q.129 G એ Hની માતા છે. H એ Yની બહેન છે. L એ Oના પિતા છે. O એ Yનો પુત્ર છે. તો Lનો G સાથે શું સંબંધ છે?

Ans
✓ 1. જમાઈ
✗ 2. પિતા
✗ 3. ભાઈ
✗ 4. પુત્રીનો પુત્ર (દોહિત્ર)

Q.130 ઉત્તર તરફ મુખ રાખીને બેઠેલા 66 વ્યક્તિઓની એક હરોળમાં, ઓલિવિયા ડાબા છેડાથી 47મા સ્થાને બેસે છે. જો એરી એ ઓલિવિયાની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે, તો હરોળના જમણા છેડાથી એરીનું સ્થાન કેટલામું હશે?

Ans
✓ 1. 18મું
✗ 2. 17મું
✗ 3. 20મું
✗ 4. 21મું

Q.131 શ્રી નિયોમએ તેના વર્ગમાં સૌથી નીચેથી 13મો અને સૌથી ઉપરથી 21મો ક્રમ મેળવ્યો હતો. તેના વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ છે?

Ans
✓ 1. 33
✗ 2. 23
✗ 3. 11
✗ 4. 36

**Q.132** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ નક્કી કરો**

**5 લાકડીઓ, X, D, I, W અને J દરેક અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે, કઈ લાકડી સૌથી ઊંચી છે?**

**(I) X એ D કરતાં નીચી છે પરંતુ I કરતાં ઊંચી છે.**
**(II) I એ W કરતાં ઊંચી છે પરંતુ J કરતાં નીચી છે.**

**Ans**
1. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
2. વિધાનો I અને II બંને એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતાં છે.
3. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
4. વિધાનો (I) અને (II) બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતાં નથી.

**Q.133** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો. નક્કી કરો કે આપેલા વિધાનો પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતા છે કે નહીં.**

**"Black" માટેનો કોડ શું છે?**

**વિધાન I: "Black Silver" ને કોડમાં "ra ye" તરીકે લખવામાં આવે છે.**
**વિધાન II: "Silver Gold" ને કોડમાં "ye po" તરીકે લખવામાં આવે છે.**

**Ans**
1. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
2. વિધાનો I અને II માં આપેલી માહિતી એકસાથે (એકલું વિધાન I કે વિધાન II નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
3. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
4. વિધાનો I અને II માં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.134** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**4 વૃક્ષો – E, G, M અને Z – દરેક અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે, તેમાં સૌથી નીચું વૃક્ષ કયું છે?**

**(I) M માત્ર બે જ વૃક્ષો કરતાં ઊંચું છે. E એ M કરતાં નીચું છે અને G એ E કરતાં નીચું છે.**
**(II) Z એ M કરતાં ઊંચું છે.**

**Ans**
1. વિધાનો (I) અને (II) બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.
2. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
3. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
4. વિધાનો (I) અને (II) બંને એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

**Q.135** **આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.**

**(ડાબી બાજુ) 632 627 560 669 734 (જમણી બાજુ)**
**(દાખલા તરીકે- 697 – પ્રથમ અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)**

**જો સૌથી મોટી સંખ્યાના બીજા અંકને સૌથી નાની સંખ્યાના ત્રીજા અંક સાથે ઉમેરવામાં આવે, તો પરિણામ શું મળશે?**

**Ans**
1. 4
2. 3
3. 6
4. 2

**Q.136** સાત લોકો J, K, L, M, N, O, અને P એક વર્તુળાકાર મેજની ફરતે કેન્દ્ર તરફ મુખ કરીને બેઠા છે. J એ O ની જમણી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે અને M ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે. L એ O અને M બંનેની તરત જ બાજુમાં બેસે છે અને K ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. P એ O ની તરત જ બાજુમાં બેસતો નથી. તો જ્યારે M ની ડાબી બાજુથી ગણતરી કરવામાં આવે, ત્યારે M અને P ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

**Ans**

✗ 1. એક

✗ 2. ત્રણ

✗ 3. એક પણ નહીં

✓ 4. બે

**Q.137** નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

| સંખ્યા/પ્રતીક | 8 | ! | 3 | ? | $ | % | @ | * | 7 | 4 | 1 | # | 6 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડ | Q | R | E | X | M | C | I | F | S | T | Z | W | U | J |

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો ઘટક બંનેના કોડ પરસ્પર બદલી નાખવા.
(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

નીચે આપેલા સંખ્યા/પ્રતીકોના સમૂહ માટેનો કોડ કયો હશે?
1?*@!

**Ans**

✗ 1. ZXCIR

✗ 2. MXFIR

✓ 3. ZXFIR

✗ 4. RXFIR

**Q.138** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચેના ચાર અક્ષર-સમૂહોમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. નીચેનામાંથી કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર-સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી.)

**Ans**

✗ 1. STW

✓ 2. OPT

✗ 3. LMP

✗ 4. JKN

**Q.139** BOTCHED શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનતા નવા અક્ષર સમૂહમાં ડાબી બાજુથી બીજા સ્થાને અને જમણી બાજુથી બીજા સ્થાને આવતા અક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવશે?

**Ans**

✓ 1. 11

✗ 2. 14

✗ 3. 10

✗ 4. 12

**Q.140** નીચે આપેલા શબ્દોની ગોઠવણીને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
1. વૃક્ષ
2. સફરજન
3. ફળો

**Ans**

✓ 1. 1,3,2

✗ 2. 1,2,3

✗ 3. 2,1,3

✗ 4. 3,2,1

Q.141 હેમંત બિંદુ Y થી શરૂઆત કરીને પશ્ચિમ દિશા તરફ 17 km વાહન ચલાવે છે. ત્યારબાદ તે ડાબી બાજુ વળે છે અને 21 km વાહન ચલાવે છે, પછી જમણી બાજુ વળીને 61 km વાહન ચલાવે છે. ત્યારબાદ તે ફરીથી ડાબી બાજુ વળે છે અને 42 km વાહન ચલાવે છે. તે ડાબી બાજુ વળીને 43 km વાહન ચલાવે છે. પછી તે જમણી બાજુ વળીને 25 km વાહન ચલાવે છે અને છેલ્લે ડાબી બાજુ વળીને 35 km વાહન ચલાવીને બિંદુ Z પર અટકે છે. તેને ફરીથી બિંદુ Y પર પહોંચવા માટે કેટલું (સૌથી ટૂંકુ અંતર) અને કઈ દિશામાં વાહન ચલાવવું પડશે? (જ્યાં સુધી સ્પષ્ટ ન કરવામાં આવે ત્યાં સુધી તમામ વળાંક માત્ર 90 ડિગ્રીના છે)

Ans
✗ 1. 83 km પશ્ચિમ તરફ
✗ 2. 91 km દક્ષિણ તરફ
✗ 3. 87 km પૂર્વ તરફ
✓ 4. 88 km ઉત્તર તરફ

Q.142 P, Q, R, S, T, U અને V પૈકી દરેકની પરીક્ષા અઠવાડિયાના અલગ-અલગ દિવસે સોમવારથી શરૂ થાય છે અને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે.
T ની પરીક્ષા ગુરુવારે છે. P ની પરીક્ષા T ની તરત જ પહેલાં છે અને U ની પરીક્ષા T ની તરત જ પછી છે. Q અને S ની વચ્ચે ફક્ત 3 લોકોની પરીક્ષા છે. R ની પરીક્ષા S ની તરત જ પછી છે.
તો P અને R ની વચ્ચે કેટલા લોકોની પરીક્ષા છે?

Ans
✗ 1. 2
✗ 2. 4
✓ 3. 3
✗ 4. 1

Q.143 G એ Hની માતા છે. H એ Yની બહેન છે. L એ Oના પિતા છે. O એ Yનો પુત્ર છે. તો Gનો O સાથે શું સંબંધ છે?

Ans
✗ 1. માસી
✓ 2. નાની
✗ 3. બહેન
✗ 4. માતા

Q.144 નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

સંખ્યા/પ્રતીક $ # 6 & + 9 2 * 1 @ ? 3 5 8

કોડ O Z R K A N G X L W E J I B

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો ઘટક બંનેના કોડ પરસ્પર બદલી નાખવા.
(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

નીચે આપેલા સંખ્યા/પ્રતીકોના સમૂહ માટેનો કોડ શું હશે?
#+968

Ans
✗ 1. DANRZ
✗ 2. BANRA
✓ 3. BANRZ
✗ 4. BAKRZ

Q.145 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે CJDL એ અમુક ચોક્કસ રીતે HKEQ સાથે સંબંધિત છે. તે જ રીતે, SUCD એ XVDI સાથે સંબંધિત છે. આ સમાન તર્કને અનુસરીને, KWNO એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans
✓ 1. PXOT
✗ 2. QYMU
✗ 3. QXPV
✗ 4. PYTS

Q.146 નીચેની અક્ષર અને પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ જ કરવાની છે.

(ડાબી બાજુ) J Z @ M F + # B X S J O * H E Z ^ Z Z (જમણી બાજુ)

એવા કેટલા અક્ષરો છે, જે દરેકની તરત જ પહેલાં એક અક્ષર આવે છે અને તરત જ પછી એક પ્રતીક પણ આવે છે?

Ans
1. બે
2. ચાર
3. ત્રણ
4. એક

Q.147 નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

DXM 2, FWO 6, HVQ 10, JUS 14, ?

Ans
1. LSU 18
2. KTU 16
3. LTU 18
4. KTV 16

Q.148 OBTAIN શબ્દમાં, દરેક અક્ષરને બદલીને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પછી આવતા અક્ષરને મૂકવામાં આવે છે અને પછી આ રીતે બનેલા બધા અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. તો આ રીતે બનેલા અક્ષરોના નવા સમૂહમાં જમણી બાજુથી પાંચમો અક્ષર કયો હશે?

Ans
1. O
2. P
3. C
4. J

Q.149 નીચે આપેલા શબ્દોને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
મરઘી (Hen)
ઈંડું (Egg)
મરઘીનું બચ્ચું (Chick)

Ans
1. 312
2. 321
3. 231
4. 213

Q.150 એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
A + B નો અર્થ થાય છે કે 'A એ B ની પુત્રી છે'
A @ B નો અર્થ થાય છે કે 'A એ B ના પિતા છે'
A - B નો અર્થ થાય છે કે 'A એ B નો પુત્ર છે'
A # B નો અર્થ થાય છે કે 'A એ B ની બહેન છે'
આપેલી માહિતીને આધારે, જો 'V x A # L @ I - N' હોય, તો V એ N સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
1. બહેનની પુત્રી
2. પિતાના બહેનની પુત્રી
3. પત્નીના બહેનની પુત્રી
4. પતિના બહેનની પુત્રી

"